વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦
ફોન : ૦૨૬૩૭–૨૮૨૦૨૬, ફેક્સ : ૦૨૬૩૭–૨૮૨૭૦૬ e-mail : dee@nau.in, Website : www.nau.in

વંચાણેઃ અત્રેની કચેરીના પરિપત્ર જા.નં. નકૃયુ/વિશિનિ/ટી–૧/વેબ–૨૭/૨૦૧૫ તા.૧૪/૦૮/૨૦૧૫

# પરિપત્ર

નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકની તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાઓને જણાવવાનું કે, વંચાણે લીધેલ પરિપત્ર મુજબ યુનિવર્સિટી હેઠળ ની કચેરીઓ / વિભાગો દ્વારા યોજવામાં આવતા વિવિધ કાર્યક્રમોનું દસ્તાવેજીકરણ અને વાર્ષિક અહેવાલ માટે તેમજ રાજય અને રાષ્ટ્રિય કક્ષાએ યુનિવર્સિટીના પ્રેઝન્ટેશનમાં પણ ઉલ્લેખ થઈ શકે તે માટે સદર કાર્યક્રમોની ટૂંકી વિગત અને હાઈ રીઝોલ્યુએશનવાળા jpg ફોટોગ્રાફસ, વિડીયોસીડી વિ. નીચે સહી કરનારની કચેરીને મોકલવા જણાવવામાં આવેલ હતું, પરંતુ વર્ષ ૨૦૧૬–૧૭ની વિગત હજુ અમુક કચેરીઓ તરફથી અત્રે મળેલ નથી.

આથી જે તે કચેરીઓ દ્વારા વર્ષ ૨૦૧૬–૧૭ દરમ્યાન યોજવામાં આવેલ વિવિધ કાર્યક્રમોની ઉપર મુજબની માહિતી **તા.૦૫/૦૪/૨૦૧૭ સુધીમાં** અત્રેની કચેરીના e-mail : info-dee@nau.in પર મોકલી આપવા પુનઃ જણાવવામાં આવે છે.

જા.નં. નકૃયુ/વિશિનિ/ટી–૧/ /વેબ–63 /૨૦૧૭
નવસારી તા.૨૪/૦૩/૨૦૧૭

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

**નકલ સવિનય રવાના પ્રતિ :**

૧. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નકૃયુ, નવસારી તરફ જાણ થવા સારું.
૨. નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારું.
૩. નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકની તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાઓ તરફ જાણ તથા અમલ થવા સારું.

# વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
# નવસારી કૃષિ યુનિવર્સિટી
એરુ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦

ફોન : ૦૨૬૩૭–૨૮૨૦૨૬, ફેકસ : ૦૨૬૩૭–૨૮૨૭૦૬ e-mail : dee@nau.in, Website : www.nau.in


**વંચાણે** : માન.કુલપતિશ્રીની નોંધ જા.નં.નકૃયુ/પીએસવીસી/ફા.નં.૫૧/૨૬૫/૨૦૧૫ નવસારી તા.૧૧/૦૮/૨૦૧૫

## પરિપત્ર

જયભારત સહ જણાવવાનું કે, આપણી યુનિવર્સિટી દ્વારા વર્ષ દરમ્યાન કૃષિ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણના વિવિધ કાર્યક્રમોનું સફળતાપૂર્વક આયોજન થાય છે, પરંતુ આ કાર્યક્રમોનું જે તે કચેરી દ્વારા યોગ્ય રીતે દસ્તાવેજીકરણ (Documentaion) કરવામાં આવતું ન હોઈ યુનિવર્સિટીના સ્પેકટ્રમ અને વાર્ષિક અહેવાલ જેવા મહત્વના ડોકયુમેન્ટસ માહિતીના અભાવે સમયસર તૈયાર કરવામાં સબંધિત વિભાગને ખુબ જ મુશ્કેલી પડતી હોય છે તેમજ રાજય અને રાષ્ટ્રિય કક્ષાએ યુનિવર્સિટીના પ્રેઝન્ટેશનમાં પણ યુનિવર્સિટી દ્વારા હાથ ધરવામાં આવેલ અગત્યની કામગીરીનો ઉલ્લેખ થઈ શકતો નથી. આ બાબતને ધ્યાને લઈને ઉપરોકત વંચાણે લીધેલ નોંધમાં માન. કુલપતિશ્રીએ દસ્તાવેજીકરણને વધુ સુદ્રઢ બનાવવા માટે નીચે મુજબ સૂચનાઓ આપીને તેનો ચૂસ્તપણે અમલ કરવા જણાવેલ છે.

૧. યુનિવર્સિટી અધિકારીશ્રીઓએ તેઓના તાબા હેઠળની કચેરીઓ/વિભાગો દ્વારા યોજવામાં આવતા કાર્યક્રમોનું યોગ્ય દસ્તાવેજીકરણ (ટૂંકો અહેવાલ, ફોટોગ્રાફસ, વિડીયોસીડી વિ.) થાય તે જોવું અને નિયમિત રીતે તેનું અનુસરણ (Follow up) કરવું.

૨. યુનિવર્સિટી અધિકારીશ્રીઓએ તેઓના તાબા હેઠળની કચેરીઓ/વિભાગો દ્વારા યોજવામાં આવતા કાર્યક્રમોની માહિતીનું યોગ્ય સંકલન કરીને યુનિર્સિટી કક્ષાએ તેના સંગ્રહ માટે સદર કાર્યક્રમોની ટૂંકી વિગત અને હાઈ રીઝોલ્યુએશનવાળા jpg ફોટોગ્રાફસ વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરીમાં e-mail : dee@nau.in પર મોકલવાની પ્રથા રાખવી.

૩. જે કાર્યક્રમોમાં માન.કુલપતિશ્રી ઉપસ્થિત રહેલ હોય તેવા કાર્યક્રમોની ટુંકી વિગત તેમજ તેને અનુરૂપ હાઈ રીઝોલ્યુએશનવાળા jpg ફોટોગ્રાફસ (પાંચ નંગની મર્યાદામાં ફોટોગ્રાફસ–નીચે કેપ્સન અને પ્રસંગના નામ સાથે) માન. કુલપતિશ્રીની કચેરીના e-mail: vc@nau.in તેમ જ વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરીમાં e-mail : dee@nau.in પર મોકલી આપવા.

ઉપરોકત પરિપત્ર માન.કુલપતિશ્રીની આજ્ઞાનુસાર યુનિવર્સિટીના કામકાજના હિતમાં બહાર પાડવામાં આવે છે, જેનો ચૂસ્તપણે અમલ થવા વિનંતી છે.

(સહી)
વિસ્તરણ શિક્ષણ નિયામક

જા.નં. નકૃયુ/વિશિનિ/ટી–૧/વેબ–૨૭/૨૦૧૫
નવસારી તા.૧૪/૦૮/૨૦૧૫

**<u>નકલ સવિનય રવાના પ્રતિ</u>** :

૧. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નકૃયુ, નવસારી તરફ જાણ થવા સારું.
૨. નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારું.
૩. નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકની તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાઓ તરફ જાણ તથા અમલ થવા સારું.